# દિનચર્યા

- ઊગતો સૂરજ ને 'ગ્રામમાતા',
કેવી રળિયામણી પરીઓની ગાથા!
અહીં તો ઘડિયાળના કાંટે ઊગી જાય સૂરજ,
ને પગના અથડાટે, મનના કચવાટે, કંઈ કેટલીય પછડાટે
ફરી ફરીને ઊગતો હશે સૂરજ!

ઝાકળમાં પીગળવા જાય ત્યાં તો રેતમાં વિખરાઈ જાય તડકો,
અમી અને ઉષ્માની ખેવનામાં ઘેર ઘેર વહેંચાઈ જાય તડકો,
પણ પછી તો ...
ઉષ્ણતા જ ઉષ્ણતા! ઊકળાય જ ઊકળાટ!
ઉચાટ ને ઊકળાટ ઊલેચવા તલસી જાય તડકો,
ને છેવટે તિમિરની ક્ષિતિજોમાં સરી જાય તડકો.

- મૌનને શબ્દમાં ઢાંકી લઈ,
અશ્રુને સ્મિતમાં રોકી લઈ,
એકલતા પર સંબંધનું આવરણ લઈ જીવે માણસ.
સંભળાય છે એનો કણસતો અવાજ?
ના ... કોઠે પડી ગયું છે બધું ...
તમને, મને, અરે, એને પણ ..
ટેવાઈ ગયો છે હવે એ ...
અસ્તિત્વના ખાલીપાથી, સંબંધોની ભ્રમણાથી,
અર્થવિહીન ઘોંઘાટથી,
સૂર્ય વિનાના દિવસથી, ને ચંદ્ર વિનાની રાતથી.
કદાચ એને નથી ગમતું ...
સમયે ઊઠી જવું, સમયે સૂઈ જવું,
સમયે ભણવા જવું, સમયે રળવા જવું,
સમયને આધીન રહી સમયના કામ કરવાં,
કદાચ એને નથી ગમતી ...
મોસમની સૂકી વાત,
તારે ઘેર ભજિયાં ને મારે ઘેર રાબ.
કદાચ એને માન્ય નથી ...
વહેણમાં વહી જવું, ભીડમાં ભળી જવું,
સાંજ ને સવારનાં ગણિતને ગણી જવું,
એણે તો ... શેક્સપિયરને અનુભવવો છે,
ન્યુટનનો આનંદ જોવો છો,
વણમાંગ્યા, અણગમતાં આવરણોથી મુક્ત થઈ
અસ્તિત્વનો ઉત્સવ ઉમંગથી ઉજવવો છે
એણે માછલીનો તરફડાટ જોયો છે,
દરિયાનો ઉન્માદ જોયો છે,
ચાતકનો થનગનાટ જોયો છે,
એણે પણ છલકાઈ જવું છે,
શબ્દોને સૂરમાં ઢાળી સુરીલું ગીત ગાવું છે,
એને ઝંખના છે.

એક અવાજની જેનાથી એ બોલી શકે,
એક સાઝની જેના પર એ ગાઈ શકે,
એક વૃક્ષની જેના પર એ ખીલી શકે,
એક ગગનની જેમાં એ વિહરી શકે,
પણ ... એ સમયને બાંધી શકતો નથી,
આવરણોને છેદી શકતો નથી,
કોઈ અજ્ઞાત ડરના સંકજામાં રહી,
ઉમેરતો જ જાય છે,
ખાલીપામાં એક શૂન્ય,
સંબંધની એક ભ્રમણા,
ઘોંઘાટમાં એક શબ્દ.
જીવન છે યાર, ચાલ્યા કરે, કહી
કેદ થતો જાય છે આવરણોમાં, શબ્દોમાં, સંવેદનોમાં.
નિરાશાના પાયા પર ચણેલી 'સુખ'ની ઈમારતોમાં.

**પ્રો. સ્વાતિ એસ. કાપડીયા**

હું અન્ય વ્યક્તિઓની હાજરીમાં કેમ ભય અનુભવું છું? મને શા માટે ભવિષ્યની ચિંતા સતાવે છે? નોકરી મેળવવા માટે કયા કયા પ્રયત્નો કરવા જોઈએ? હું વિજાતીય વ્યક્તિઓની હાજરીમાં કેમ અસ્વસ્થ થઈ જાઉં છું? આ અને આવી અન્ય સમસ્યાઓથી આપ જો પીડાતા હો તો તમને સલાહની જરૂર છે. દરેક વ્યક્તિને જીવનમાં કોઈને કોઈ સમયે કે પ્રસંગે એવી સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે કે તેને અન્ય વ્યક્તિની સહાયની જરૂર પડે છે. આવી સમસ્યાયુક્ત પરિસ્થિતિમાં સૌ પ્રથમ કુટુંબમાંથી મદદ મળી રહે છે. પરંતુ કેટલીક સમસ્યાઓની બાબતમાં અપરાધભાવ અને શરમને લીધે માતાપિતા સાથે મુક્ત રીતે ચર્ચા કરી શકાતી નથી. આવા સમયે નિષ્ણાત સલાહકારની સેવા ખૂબજ ઉપયોગી નીવડે છે. તમે તેમની સાથે મુક્તપણે અંગત બાબતો અંગે ચર્ચા કરી શકો છો કારણકે નિષ્ણાત સલાહકાર દરેક બાબતોને ગુપ્ત રાખે છે અને અન્યને જાણ થવા દેતા નથી.

ઉપરોક્ત સમસ્યાઓને ધ્યાનમાં લઈ આપણી કોલેજ, ભવન્સ આર. એ. આર્ટ્સ એન્ડ કોમર્સ દ્વારા **(વિદ્યાર્થી સલાહ કેન્દ્ર નો આરંભ કરવામાં આવ્યો છે. તેનું સંચાલન પ્રો. મહેશ કહાર (સાઈકોલોજી) કરે છે.)** સલાહકાર્ય સંપૂર્ણ નિઃશૂલ્કપણે આપવામાં આવે છે. ભવન્સ કોલેજના કોઈપણ વિદ્યાર્થી આ સેવાનો લાભ લઈ શકે છે.

**પ્રો. મહેશ કહાર**
સાઈકોલોજી
હેડ ઓફ ડિપાર્ટમેન્ટ

# વિદ્યાર્થી માર્ગદર્શન કેન્દ્ર
# ભારતીય વિદ્યાર્થીઓની સમસ્યાઓ

માનવી જન્મે છે ત્યારથી સ્વ વિકાસની યાત્રાનો પ્રારંભ થાય છે અને છેક મૃત્યુપર્યંત સુધી તે પ્રક્રિયા ચાલુ રહે છે. આ સ્વ વિકાસની યાત્રા દરમ્યાન જીવનના વિવિધ તબક્કાઓમાંથી તેને પસાર થવું પડે છે. આ વિવિધ તબક્કાઓ દરમ્યાન ક્ષણે ક્ષણે સલાહ અને માર્ગદર્શનની જરૂર પડે છે. જ્યારે તે સમસ્યાયુક્ત પરિસ્થિતિમાં મુકાય છે ત્યારે તેને સલાહની જરૂર પડે છે. જીવનના વિવિધ તબક્કાઓમાંથી વિદ્યાર્થી જીવનનો તબક્કો ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ તબક્કા દરમ્યાન વિષયો અને અભ્યાસક્રમોની પસંદગી, કારકિર્દીનું આયોજન, સુગ્રથિત વ્યક્તિત્વનો વિકાસ, સ્વ-પ્રગતિ, આવેગાત્મક અને સામાજિક સમાયોજન સાધતી વખતે આવી પડતી મૂંઝવણો, ચિંતા અને હતાશા વગેરે વિવિધ સમસ્યાઓ આવી પડે છે.

**સમસ્યાના પ્રકારો :**

જીવનના જુદા જુદા તબક્કાઓ દરમ્યાન માનવી જુદા જુદા પ્રકારની સમસ્યાઓ અનુભવે છે.

**સલાહના સ્વરૂપને આધારે સલાહની સમસ્યાઓ નીચે પ્રમાણે છે.**

(૧) શૈક્ષણિક સમસ્યાઓ
(૨) વ્યાવસાયિક સમસ્યાઓ
(૩) વ્યક્તિગત સમસ્યાઓ
(૪) આવેગાત્મક સમસ્યાઓ
(૫) સામાજિક સમસ્યાઓ
(૬) નૈતિક સમસ્યાઓ

**સમસ્યા માટે જવાબદાર કારણોની દૃષ્ટિએ સમસ્યાના પ્રકારો નીચે પ્રમાણે છે.**

(૧) ખાતરીનો અભાવ
(૨) માહિતીનો અભાવ
(૩) કૌશલ્યનો અભાવ
(૪) પરાવલંબીપણું
(૫) સ્વ-સંઘર્ષ
(૬) પસંદગીની ચિંતા

**વ્યક્તિની દૃષ્ટિએ સમસ્યાના પ્રકારો નીચે પ્રમાણે છે.**

(૧) માતાપિતા સાથે સંઘર્ષ
(૨) નવાં ધોરણોથી થતાં મૂલ્યોનો સંઘર્ષ
(૩) અપરિપકવતા
(૪) લઘુતાગ્રંથિ
(૫) ચિંતા
(૬) શાળા-કોલેજની જવાબદારી પ્રત્યે નફરત કે ધૃણા

(૭) વિરૂદ્ધ જાતિના સંબંધોમાં મુશ્કેલીઓ

(૮) જૂથ દ્વારા બહિષ્કાર કે અસ્વીકાર

(૯) સામાજિક કુસમાયોજન-અતિશય શરમાળપણું, મૈત્રીવિહીનતા

(૧૦) આક્રમક સામાજિક વર્તનો, ગુનાહિત વર્તનો

(૧૧) સ્વ-ખ્યાલ અંગેનો સંઘર્ષ-જાતીય ભૂમિકા અને વર્તન

(૧૨) અન્ય પરિસ્થિતિજન્ય સંઘર્ષો

ભારતીય વિદ્યાર્થીઓની સમસ્યાઓમાં મુખ્યત્વે શૈક્ષણિક, વ્યાવસાયિક, કૌટુંબિક, સામાજિક, આવેગાત્મક, લગ્ન અને જાતીયતા વગેરેનો સમાવેશ થાય છે. ઉપરોક્ત સમસ્યાઓને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે.

(૧) શૈક્ષણિક સમસ્યાઓ

(૨) વ્યાવસાયિક સમસ્યાઓ

(૩) તરૂણાવસ્થાની સમસ્યાઓ

**(૧) શૈક્ષણિક સમસ્યાઓ :**

શાળા-કોલેજોના શિક્ષકો સાથે અનુકૂલના પ્રશ્નો, યાદશક્તિનો અભાવ, એકાગ્રતાનો અભાવ, પરીક્ષાનો ડર, ભવિષ્યની ચિંતા, કારકિર્દી આયોજનની મુશ્કેલીઓ, મૂલ્યોનો સંઘર્ષ વગેરે સમસ્યાઓ જોવા મળે છે.

**(૨) વ્યાવસાયિક સમસ્યાઓ :**

વ્યવસાય કે નોકરી કે ધંધો - શું કરવું તેની મૂંઝવણ, મનગમતો વ્યવસાય પ્રાપ્ત ન થાય, બેકારીનો ડર, હતાશા, કારકિર્દી કે વ્યવસાય પસંદગીમાં માતાપિતાનું દબાણ, વ્યાવસાયિક ભૂમિકા, બોસ-કર્મચારી અનુકૂલનના પ્રશ્નો વગેરે સમસ્યાઓ જોવા મળે છે.

**(૩) તરૂણાવસ્થાની સમસ્યાઓ :**

અચાનક શારીરિક વિકાસમાં ફેરફાર અંગે ચિંતા, ઈચ્છાઓની અભિવ્યક્તિ અંગે દ્વિધા, સામાજિક સમાયોજનની મુશ્કેલીઓ, નર્વસનેસ, અવૈજ્ઞાનિક માન્યતાઓ, લગ્ન સાથે સંકળાયેલી સમસ્યાઓ, જાતીયતા સાથે સંકળાયેલી સમસ્યાઓ વગેરે સમસ્યાઓ જોવા મળે છે.

**પ્રો. મહેશ ટી. કહાર**
મનો વિજ્ઞાન વિભાગ

# રાષ્ટ્રવાદ અને રાજકીય જાગૃતિ
## ભગિની નિવેદીતા

ભગિની નિવેદીતાએ એકવાર લખ્યું કે પૌર્વાત્ય જીવન મારી ચેતનાને પૂર્ણ બનાવે છે. ભગિની નિવેદીતાનો ભારત ખાતેનો વસવાટ અને હિંદુ ધર્મ અંગીકાર એ આપણે સૌ ભારતીયો માટે આનંદ અને આશ્ચર્યનો વિષય છે. ઈંગ્લેન્ડમાં કુમારી માર્ગરેટ નોબલ તરીકે જેમણે જીવનનો શરૂઆતનો ભાગ ગાળ્યો હતો તેઓ પોતાના વતન ઈંગ્લેન્ડને હંમશને માટે તજીને ભારતમાં વસવાટ માટે આવે અને ભારતને જ પોતાનો કાર્યપ્રદેશ બનાવે એ નાનીસૂની હકીકત નથી. સ્વામી વિવેકાનંદનું તપ, જ્ઞાવ, બુદ્ધિ અને ચારિત્ર્યના ગુણોથી આકર્ષાઈને તેઓ તેમના શિષ્યા બન્યા હતા.

તેઓની જીવનકથામાંથી જાણળા મળે છે કે જન્મથી જ તેઓ સેવાવૃત્તિ ધરાવતા હતા. પશ્ચિમના જગતના દુન્યવી આર્કષણોનો મોહ તેમને સ્પર્શી શકતો નહોતો. તપસ્યાવાળું, સાદું અને સાધુ જીવન પ્રત્યે તેમને શરૂઆતથી જ આકર્ષણ તો હતું. પરંતુ એ આદર્શને પરિપૂર્ણ કરવા માટે પશ્ચિમનાં વસવાટ કરવાને બદલે તેઓ ભારતમાં આવીને વસ્યા એ બાબત તેથી ખૂબ સૂચક બને છે.

ઓગણીસમી સદીના છેલ્લાં વર્ષો અને વીસમી સદીના શરૂઆતના વર્ષોના ભારત પ્રત્યે તેમને આકર્ષણ થયું તેનું શું કારણ હશે એવો એક પ્રશ્ન થાય છે. તે સમયે ભારત અંગ્રેજોની હકૂમત નીચે હતું. ગુલામી, ગરીબાઈ, નિરક્ષરતા, બેકારી, ભૂખમરો, રોગચાળો, વહેમ-અંધશ્રદ્ધા વગેરે ભારતભરમાં વ્યાપક હતા. પરંતુ તે સાથે સ્વાતંત્ર્ય-સંગ્રામની તીવ્રતા પણ તે સમયમાં વધતી જતી હતી. અનેક રાષ્ટ્રવાદી સ્ત્રી-પુરૂષો ભારતના સ્વાતંત્ર્ય માટે અંગ્રેજો સામે દેશની પ્રજાને કટિબદ્ધ કરવા કાર્યાન્વિત થયા હતા. રાષ્ટ્ર ચેતનવંત બન્યું હતું. કેટલા બધા વર્ષો પછી ભારતની સમગ્ર પ્રજાનું એક જ ધ્યેય હતું કે રાષ્ટ્રને અંગ્રેજ પ્રજાની ઘૂંસરીમાંથી મુક્ત કરવા આમ જાણ્યે-અજાણ્યે પ્રજાજીવનમાં રાષ્ટ્રવાદનો વિચાર પુનઃજીવન મેળવી રહ્યો હતો.

રાષ્ટ્રવાદનો આદર્શ રાજકીય જાગૃતિ સાથે ભારતમાં આકાર લઈ રહ્યો હતો તેવે સમયે ભગિનિ નિવેદિતા ભારત આવ્યા. આ ઉપરાંત ભારતમાંથી સ્વામી વિવેકાનંદ જેવા તપસ્વી અને વિદ્વાન સ્ત્રી-પુરૂષો, યુરોપ-અમેરિકા જઈને ભારતના આધ્યાત્મિક વારસાની જાણ પણ કરવા લાગ્યા હતા. આવી બધી બાબતોથી આકર્ષાઈને તેઓ ભારત આવ્યા હશે. એમ માનવા આપણે પ્રેરાઈએ છીએ.

પરંતુ, આથી વિશેષ અસરકારક અન્ય બાબતો પણ હતી. ભગિનિ નિવેદિતાએ પોતે જ પોતાના લખાણો અને વ્યાખ્યાનો દ્વારા જણાવ્યું કે ભૌગોલિક દૃષ્ટિએ દુનિયાના લોકોને જેમ પૂર્વ અને પશ્ચિમના બે વિભાગોમાં મૂકી શકાય તેમ પ્રજાનાં લક્ષણોની દૃષ્ટિએ પણ પ્રજાને પૂર્વ અને પશ્ચિમના બે વિભાગોમાં મૂકી શકાય છે. ભગિનીનું માનવું હતું કે આધ્યાત્મિકવિદ્યા વિષે તો પૂર્વના પ્રદેશો બહુ આગળ છે. અને તેમાંયે ભારત આ ક્ષેત્રે જગતમાં શ્રેષ્ઠ છે. ભારતીય પ્રજા જ જગતને સાચું દર્શન, જ્ઞાન કે શાંતિ આપી શકશે, અન્ય કોઈ નહિં. તેમણે એકવાર લખ્યું હતું કે, ''Easter life lives me my fullest conciousness.''

એમણે સ્પષ્ટ કહ્યું હતું કે હિંદુધર્મ જગતને શ્રેષ્ઠ પ્રકારનું જીવન-સત્ય આપી શકે તેમ છે. અને આ વિચારથી જ તેમણે હિંદુ જીવનનો અંગીકાર કર્યો હતો. પોતે લખે છે કે, '' ઈશ્વરને હું એવી પ્રાર્થના કરું છું કે મારે પશ્ચિમના અર્થજીવન વ્યવહારમાં મારું જીવન વ્યતિત ન કરવું પડે એવી ગોઠવણ કરે. મારે માટે તો આદિ અને અંત માત્ર ભારત જ છે.''

ભગિની નિવેદિતાએ સમગ્ર ભારતને પોતાનું કરીને અપાનવી લીધું ત્યારે ભારતની જનતામાં પણ એક થઈને જ રહ્યા. ભારતની પ્રજામાં રાષ્ટ્રીયતા જાગે એવા સ્વામી વિવેકાનંદના પ્રયત્નોમાં પોતે જોડાયા અને સ્વામીજીના મૃત્યુ પછી પણ પોતાની રીતે એવા પ્રયાસો જારી રાખ્યા. પોતાના લખાણોમાં તથા પ્રવચનોમાં તેમણે રાષ્ટ્રીયતા ઉપર જ ખાસ ભાર મૂકયો છે. લોકોને પોતાની શક્તિ વિષે જાગૃત કરવા ઉપર જ ભાર મૂકયો છે. ભગિનીનું માનવું હતું કે ભારતનો ભૂતકાળ જેમ મહાન હતો તેમ આજનો વર્તમાનકાળ પણ મહાન જ છે અને ભવિષ્ય તેથી પણ વધુ મહાન છે. ભારત જગતને માર્ગદર્શન આપશે એટલું જ નહિ પરંતુ, અધ્યાત્મશક્તિ દ્વારા જગતને મુક્તિનો સાચો માર્ગ બતાવશે.

આ માન્યતા પાછળ કારણો પણ તેમણે દર્શાવ્યાં છે. તેમણે કહ્યું છે કે ભારતમાં એકતા લાવવાની વાત કરવી ખોટી છે.

ભારતની પ્રજામાં મૂળભૂત એકતા છે જ, નવી એકતા ઉપસ્થિત કરવાની જરૂર નથી. એકતા ખરેખર લાવી શકાતી જ નથી. ભારતની પ્રજામાં એકતા અસ્તિત્વ ધરાવે જ છે. અને આ એકતા વિષે લોકોને જાગૃત કરવાના છે અને તે જાગૃતિ રાષ્ટ્રત્વ પ્રેરશે એવુ તેમનું મંતવ્ય હતું.

રાષ્ટ્રવાદનો બહુલક્ષી ખ્યાલ તેમના મનમાં છે. તેમનું માનવું હતું કે ભારતીય પ્રજામાં રાષ્ટ્ર-પ્રેમ અખંડ અને અખૂટ છે. ભારતની પ્રજામાં પ્રચંડ અને ઉદ્દાત રાષ્ટ્રભાવના છે જ. જ્યાં સમાન વારસો છે, સમાન જીવન છે, સમાન સંસ્કાર છે, જ્યાં સમાન અભિલાષા અને સમાન ભવ્ય ભવિષ્ય છે ત્યાં રાષ્ટ્રત્વ છે જ.

ભારતના સંસ્કારવારસા વિષે તેમણે ખૂબ અભ્યાસ કર્યો હતો. ગાઢ ચિંતન કર્યું હતું. અને તે વિષે ખૂબ-ખૂબ ચર્ચા પણ કરી હતી. ભારત જગતનો સૌથી વધુ સંસ્કારી દેશ છે એમ તેમની સ્પષ્ટ માન્યતા અનેકવાર જાહેર કરી હતી. ભારતની સ્ત્રીઓ વિષે તેમણે કહ્યું છે કે જે ભવ્યજીવન ભારતની બહેનો અને માતાઓએ જીવી જીવી જાણ્યું છે. તે દુનિયામાં અજોડ છે. પ્રેમ અને બલિદાન પણ અજોડ છે. પોતાના પતિ પાછળ સ્વેચ્છાથી મૃત્યુની વેદિ પણ ચડનાર સ્ત્રીનો દાખવો ભારત સિવાય જગતના કયા દેશોમાં છે? વળી ઘરની સંભાળ રાખીને હંમેશાં પતિની સેવા કરતી અને ક્યારેય કોઈ પ્રકારના અધિકારોની અપેક્ષા ન કરતી સ્ત્રીનો દાખલો જગતમાં ક્યાંથી મળશે? નિવેદિતાને મન ભારતના રાષ્ટ્રજીવનનો આ અમૂલ્ય વારસો છે.

અણિશુદ્ધ ચારિત્ર્ય, ગૌરવ, શક્તિ, બલિદાન અને દીર્ઘદષ્ટિના સચોટ દાખલાઓ પણ ભારતે નાખ્યા છે. દધિચી ઋષિનો દાખલો ટાંકતા જણાવે છે કે કેટલો બધો ત્યાગ અને સ્વાપર્ણ! એ વ્રજમાં આ તમામ ગુણો સમવિષ્ટ થાય છે માટે વ્રજમાં શક્તિનું સિંચન થયું છે. ભગિનીએ આ વ્રજનાં ચિન્હ્વાળો રાષ્ટ્રધ્વજ ભારત માટે બનાવ્યો છે. કોંગ્રેસ પક્ષમાં તે વેળા જ્યારે પ્રદર્શન ભરાયું ત્યારે તેનો ઉપયોગ થયો હતો અને શ્રી જગદીશચંદ્ર બોઝ તો તે રાષ્ટ્રધ્વજનો જ ઉપયોગ કરતા.

વળી એમણે એક વ્યાખ્યાનમાં જણાવ્યું હતું તે ભારતના નેતાઓ જગતના અન્ય દેશોના આગેવાનો કરતા જરાયે ઉતરતા નથી અને જે રીતરિવાજો કે પ્રણાલિકા ભારતે સ્થાપી છે તે ભારત માટે યોગ્ય જ છે. અને તે વિષે કોઈ સંકોચની જરૂર નથી. ભારતની ગુલામી વિષે લખે છે કે ભારતમાં અંગ્રેજોનું રાજ્ય એ લૂંટારાની ટોળકી છે, અને ભારતની પ્રજામાં વીરત્વનું જે લક્ષણ છે તેનાથી ભારત ફરીવાર સ્વતંત્રતા મેળવશે જ. આવા ગુણોની સભાનતા તે રાષ્ટ્રીયત્વ. આવું – રાષ્ટ્રીયત્વ ભારતમાં છે જ.

સર જગદીશચંદ્ર બોઝને નોબેલ ઈનામ મળ્યું અને જે અદ્ભુત સંશોધન કર્યું તે વિષે પણ ભગિનિએ લખ્યું છે કે વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ ભારત કોઈથી પછાત નથી. એ સાબિત થાય છે. એવી તેમની માન્યતા હતી. ભારતમાં રાષ્ટ્રાભિમાન પ્રજાના લોહીમાં જરૂર રહેલું છે. પ્રજામાં તે વિષે જાગૃતિ કેળવવી જોઈએ અને પ્રજાએ શક્તિની ઉપાસના કરવી જોઈએ એવો તેમનો અભિપ્રાય હતો. આ માટે તમામ રીત-રિવાજો કે ટેવોને જાળની રાખવી જોઈએ. અને તમામ પુરાની સંસ્થાઓ પણ જાળવવી જોઈએ.

રાષ્ટ્રત્વના પુનરૂત્થાન માટે તેમણે ત્રણ બાબતોને મહત્ત્વની માની છે : (૧) શક્તિની ઉપાસના (૨) લોકોમાં રહેલી અમાપ શ્રદ્ધા (૩) રાજકીય સ્વાતંત્ર્યની સિદ્ધિ.

ભારતીય રાષ્ટ્રત્વના પુનરૂત્થાનમાં જેમ ભગિનિનો ફાળો છે તેમ ભારતની રાજકીય સ્વાયત્તતામાં પણ ભગિનિએ પોતાનો ફાળો આપ્યો છે. પોતે જે કાંઈ જાહેર કાર્ય કરતા હતાં તે આ હેતુને લક્ષ્યમાં રાખીને જ કરતાં હતાં એમ સ્પષ્ટ થાય છે.

સ્વદેશીની ચળવળમાં તેઓ જોડાયા હતા. Indian Express માં તેમણે લખ્યું હતું, "સ્વદેશી શિક્ષણ અને વેપાર માટે આ મરણ પ્રતિજ્ઞા લેવી પડશે ... દેશવાસીઓમાં આજે પ્રજા તરીકે જે ન્યાયબદ્ધિ જાગૃત થઈ છે તેનું જ પ્રતીક સ્વદેશી ચળવળ છે. પોતે પણ સ્વદેશી વસ્તુઓ જ વાપરતા. લેડી મિત્રો જ્યારે તેમની મુલાકાતે આવ્યા ત્યારે તેમનાં સ્વાગતમાં ચા, કીટલી, વાસણો વગેરે તમામ સ્વદેશી વસ્તુઓ જ રાખી હતી. સ્વદેશીની પ્રતિજ્ઞાને તેમણે તપસ્યા અને ધર્મ સાથે સરખાવી છે. સ્વદેશીમાં શક્તિની ઉપાસના છે અને મર્દાનગી છે અને સ્વદેશીની ચળવળ નિરાશા અને પ્રત્યાઘાત તથા દુરાચાર ભ્રષ્ટાચારને નાબૂદ કરી શકશે એવી તેમની માન્યતા હતી.

બંગભંગ વિષેના તેમના પ્રત્યાઘાતો પણ જાણવા જેવા છે. ભગિનિ નિવેદિતાએ પોતાની રોજનીશીમાં બંગભંગના

દિવસને "કાળા પડછાયા" તરીકે ઓળખાવ્યો છે. અને તેનાં વિરોધમાં મળેલી સભામાં તેમણે પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત સન ૧૯૦૫ના ફેબ્રુઆરીની ૧૧મી તારીખે કલકત્તા યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં લોર્ડ કર્ઝને ભાષણમાં જ્યારે કહ્યું કે પશ્ચિમના દેશોના નિતીમત્તાના ખ્યાલોમાં જે સત્યને સ્થાન અપાયું છે તે પૂર્વના દેશોમાં નથી. ત્યારે નિવેદીતાનો ક્રોધ ભભૂકી ઉઠયો અને તે જ દિવસે statesman પત્રમાં પોતાનો પત્ર છપાવ્યો જેમાં કર્ઝને ભૂતકાળમાં જે જૂઠાણાનો ઉપયોગ કર્યો હતો તે બનાવ કર્ઝનની પોતાની જ લખેલી આત્મકથામાંથી ટાંકીને કર્ઝનને જડબાતોડ જવાબ આપ્યો હતો અને ભારતીય લોકોને સ્વાતંત્ર્ય સંગ્રામ માટે તૈયાર કરવાનો પ્રયાસ કર્યો હતો.

સ્ત્રી કેળવણીનું જે કામ નિવેદીતાએ કર્યું છે તેનું લક્ષ્ય હતું ભારતની રાજકીય સ્વતંત્રતાની પ્રાપ્તિ, નાણાંકીય મુશ્કેલી હતી. પોતે વિદેશી મહિલા હતી, ભારતીય રીતથી અજાણ હતી, સ્ત્રી સમાજ હજુ વહેમ અને અંધશ્રદ્ધમાં હતો, શાળાએ આવવા, સ્ત્રીઓ તૈયાર નહોતી. છતાં પણ કેટલી ધીરજથી તેમણે પોતાનું કામ જારી રાખ્યું અને તે શાળા નમૂનારૂપ કામગીરી કરી રહી છે.

તેમના પોતાના તથા અન્ય વિદ્વાનોના લખાણો પરથી એટલું ફલિત થાય છે કે સ્વામી વિવેકાનંદના એક જ અભિપ્રાયથી તેમનો મત જુદો હતો. સ્વામીને જ્યારે પૂછયું હતું કે ભારત જ્યાં સુધી રાજકીય સ્વાતંત્ર નહિ મેળવે ત્યાં સુધી અન્ય કાર્યો થઈ શકશે ખરા? ત્યારે સ્વામીએ જવાબ આપ્યો હતો કે રામકૃષ્ણ મઠનું કામ આધ્યાત્મિક વિકાસનું જ છે. રાજકારણનું નહિ. તે વખતે નિવેદિતાને સંતોષ થયો નહોતો. તેની પ્રતિતી આપણને થાય છે. સ્વામીનાં મૃત્યુ પછી નિવેદીતા મઠ સાથેના પોતાના ઔપચારિક સંબંધો વિનયપૂર્વક છોડે છે. ભારતની રાજકીય સ્વતંત્રતા માટે કામ કરવા જ પોતે મઠમાંથી છૂટા થાય છે. મઠ રાજકારણમાં પ્રત્યક્ષ રીતે ભાગ લઈ શકે નહિ. તેવો મઠનો નિયમ હતો. આ પ્રસંગ પણ નિવેદીતાનાં માનસનો પરિચય આપે છે. આમ, પોતાનું સર્વસ્વ ભારતીય પ્રજાની ગુલામી તોડવા પાછળ સમર્પે છે.

સ્વાતંત્ર્ય મેળવવા સાધનનાં પ્રકાર પરત્વે પણ નિવેદિતાનો વિચાર પ્રેરક છે. તેમની માન્યતા એવી હતી કે અત્યારના સંજોગોમાં માત્ર અસહકાર અને શાંતિમય પ્રતિકારથી સ્વતંત્રતા પ્રાપ્ત થશે નહિં. આથી તેમણે ગુપ્ત ક્રાંતિવીરોને પોતાનાથી બનતી સહાય કરી હતી. તેમની માન્યતા હતી કે ખુલ્લા પ્રતિકારની તેયારી માટે ગુપ્ત પ્રવૃત્તિઓ જરૂરી હતી. છતાં એટલું ઉમેરવું જોઈએ કે ભાંગફોડની પ્રવૃત્તિઓને તેમણે ક્યારેય ઉત્તેજન આપ્યું નથી.

એક ભારતીય પુરુષ જે બલિદાન આપવાની વૃત્તિ રાખે અને આપે તેવું જ બલિદાન ભગિની નિવેદિતાએ આપીને કોઈપણ ભારતીય કરતાં વધુ સારા ભારતીય તરીકે પોતાની જાતને આપણા હૈયામાં સાબિત કરી છે.

હિંદી રાષ્ટ્રીય મહાસભામાં વિચારભેદને લીધે જે બે વિભાગો પડી ગયા હતા અને જે વૈમનસ્ય બંને વિભાગો વચ્ચે અસ્તિત્વમાં આવ્યું હતું. બંને વિભાગો પોતાની શક્તિ અને સાધનો એકબીજાની ઉપર વાપરીને પોતાની શક્તિ જ ખલાસ કરી રહ્યાં છે. ખરેખર તો બંનેના સમાન દુશ્મન અંગ્રેજો ઉપર જ આની અજમાયશ કરવાની જરૂર છે. એમ તેમનું માનવું હતું અને જે બે વિભાગો પડયા હતા તે પરત્વે તેમણે નારાજી દર્શાવી હતી. જવાબ મત પ્રત્યે ભગિની નિવેદીતાને હતો અને મવાળ પક્ષ પ્રત્યે તેમને ખાસ શ્રદ્ધા નહોતી.

ભગિની નિવેદીતા વિષે આ કારણે થોડીક ગેરસમજ પણ ઉપસ્થિત થયેલી હતી. શ્રી ગીરીજાશંકર ચૌધરીએ ભગિની નિવેદીતા વિષે એમ લખ્યું છે કે તેઓ છૂપા ક્રાંતિવાદી હતા. ભાંગફોડિયા વૃતિવાળા હતા અને ઘણાં ત્રાસવાદીઓને તેમણે રક્ષણ પણ આપેલું હતું. પરંતુ, આ અસત્ય છે. ત્રાસવાદને તેમણે ક્યારેય અનુમોદન આપ્યું નથી. શ્રી અરવિંદ ઘોષે પણ આ બાબત સ્પષ્ટ કરી છે. શ્રી વિનયકુમાર સરકાર લખે છે "She was the philosopher of romantic nationalism and aggresive Indianism" કે કવિવર શ્રી ટાગોરે તેમને ભારતની પ્રજાની માતા તરીકે વર્ણવ્યા છે. ભગિની નિવેદિતાને ભારત પ્રત્યે જે પ્રેમ હતો તે ઉદ્દાત કક્ષાનો હતો. અને તેથી જ પોતે સાચા અર્થમાં રાષ્ટ્રપ્રેમી હતાં.

'અભ્યાસ' - માસિક અમદાવાદમાંથી સંકલિત

તા. ૨૭-૧૨-૨૦૦૬

નેહલ એન. રંજગુરૂ